



સ્તુતિ આઇકોન પાલનપુર કેનાલરોડ


આશિર્વાદ પેલેસ ભટારરોડ

બ્લુ કેન્ડલ રેસિડેન્સી, ભરીમાતા, રોડ



વિજયરાજ સોસાયટી સિંગણપોર

## ચેક રિટર્ન કેસમાં આરોપીને કેદની સજા

સુરતઃ આર.કે.ગ્રીન વોગ પેઢીના ભાગીદાર ફરિયાદી લલિત ગજેરા પાસેથી કેમો ફેબ્રિક્સના આરોપી ચંદન જહાએ રૂ.૫,૮૨,૪૪૮ની કિંમતના પ્રિન્ટેડ કાપડની ખરીદી કરી હતી. જેની ચૂકવણી પેટે આરોપીએ અલગ-અલગ રૂ.૧,૮૫,૩૯૬ ત્રણ ચેક આપ્યા હતા. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ એડ્વોકેટ આઈ.પી.જોબનપુત્રા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેની સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપીને ૬ મહિનાની સજા અને ચેકની રકમ વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો હતો.

## ચેક રિટર્નમાં પાંચ ભાગીદારને 1 વર્ષની કેદ

સુરતઃ ઉધના ઉદ્યોગનગરના ઈ.એસ. ક્રિએશનના પાવરધારક યોગેશ ભાટીયા પાસેથી લક્ષ્મી ડિજિટલએ રૂપીયા ૫.૨૮ લાખની કિંમતનું કેમિકલ ખરીદી ૨ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ લક્ષ્મી ડિજિટલનાં ભાગીદાર અનિલ દેસાઈ,પરેશ ઠુમ્મર, પંકજ ઢોલરિયા, પ્રિયંકાબેન દેસાઈ અને અશ્વિનભાઈ ઠુમ્મર સામે ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષે એડવોકેટ નિમેષ દલાલ કેસ પુરવાર કરવામાં સફળ થતાં તમામ ભાગીદારને એક વર્ષની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચુકવવા કોર્ટે હુકમ કર્યો હતો.

## ચાર મહિનાથી ઘરે પગાર ન આપતાં ડ્રાઇવરનો આપઘાત

સુરત : મૂળ મહારાષ્ટ્રના વતની 33 વર્ષીય જશવંત અમૃતભાઈ રાયસિંગ અમરોલીના ભગુનગર વિભાગ-2માં આવેલા ગૌતમપાર્ક એપાર્ટમેન્ટમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા. ગત સાંજે આશરે 6:30 વાગ્યાના સુમારે જશવંતે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોના જણાવ્યા મુજબ, જશવંત છેલ્લા ચાર મહિનાથી ઘરે પગાર આપતા નહોતા. આર્થિક મુશ્કેલીના કારણે તેમણે આપઘાત કર્યો હોવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

# આજે દશેરો: રાવણ દહન, શસ્ત્રોની પૂજા કરાશે

**સુરતમાં** અનેક વિસ્તારોમાં રાવણના પૂતળાનું દહન કરાશે, લોકો કરોડો રૂપિયાના ફાફડા-જલેબી ખાઈ જશે

સુરતઃ નવરાત્રીની પૂર્ણાહૂતિ સાથે જ આવતીકાલે સુરતમાં પણ દશેરાની ઉજવણી કરવામાં આવશે. 'અધર્મ પર ધર્મ'ના વિજયના પ્રતિક સમાન 'વિજયાદશમી' (દશેરા) પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે.

શાસ્ત્રોક્ત માન્યતા અનુસાર આ દિવસે ભગવાન રામે રાવણનો વધ કર્યો હતો અને મા દુર્ગાએ મહિષાસુરનો સંહાર કર્યો હતો. સુરતમાં આ દિવસે ફાફડા-જલેબીની ખરીદી, નવા સાધનો-વાહનોનું પૂજન અને સાંજે વિવિધ સ્થળોએ રાવણ દહનના કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જ્યોતિષ હંસરાજના જણાવ્યા મુજબ દશેરામાં વિજય મુહૂર્તનું ઘણું મહત્વ છે. વિજય મુહૂર્ત સ્થાનિક સમય મુજબ અલગ અલગ હોય છે. તા 20/10/2026 નાં બપોરે 12:51 પછી દસમ નો પ્રારંભ થાય છે જે તા.21/10/2026 નાં 14:12 સુધી રહેશે. વિજય મુહૂર્ત દરમિયાન દસમ તિથિ હોવી જરૂરી છે. તા.20/10/2026ના દિવસે વિજય મુહૂર્ત બપોરે 14:20 થી 15:06 દરમિયાન દસમ તિથિ છે. માટે જ વિજયા દશમી તા.21/10/2026 નાં બદલે તા.20/10/2026 નાં રોજ મનાવવા આવશે. આ દિવસે શ્રવણ નક્ષત્રનો પણ યોગ થાય છે. જે શુભ છે.

### સુરતમાં દશેરાએ શું શું થશે?

» ફાફડા-જલેબીની ધૂમ ખરીદીઃ સુરતની ખાણીપીણીની પરંપરા મુજબ દશેરાના દિવસે કરોડો રૂપિયાના ફાફડા અને જલેબી નું વેચાણ થાય છે. મોડી રાતથી જ શહેરની જાણીતી ફરસાણની દુકાનો બહાર મોટો ધસારો જોવા મળી રહ્યો છે.

» વાહનો અને શસ્ત્ર પૂજનઃ સુરતના શોરૂમમાંથી હજારો નવા વાહનોની ડિલિવરી લેવા માટે નાગરિકોએ અગાઉથી બુકિંગ કરાવી લીધું છે. પોલીસ લાઈન, સેફ્ટી કચેરીઓ અને સિક્યુરિટી એજન્સીઓ દ્વારા પરંપરાગત શસ્ત્ર પૂજન નું આયોજન કરવામાં આવ્યું છે.

» રાવણ દહનના કાર્યક્રમોઃ સુરતના વેસુ, અડાજણ, સરથાણા અને પાલ વિસ્તારમાં સાંજે વિવિધ સામાજિક મંડળો દ્વારા ઊંચા રાવણ, કુંભકર્ણ અને મેઘનાદ ના પૂતળાનું દહન કરવામાં આવશે.

## સુરતમાં 70 ફૂટ અને 55 ફૂટના રાવણનું દહન કરાશે

**વેસુમાં** 60-60 ફૂટના કુંભકર્ણ અને મેઘનાદના પૂતળાનું પણ દહન કરાશે

**ડુમસના** આશાપુરી ભક્ત મંડળે ત્રણ મહિનાની મહેનતથી બનાવ્યો રાવણ

સુરતઃ ડુમસના ગળાસ ફળિયામાં આશાપુરી ભક્ત મંડળ દ્વારા આ વર્ષે 55 ફૂટ ઊંચું રાવણનું પૂતળું બનાવવામાં આવ્યું છે, જ્યારે વેસુ સ્થિત શ્રી આદર્શ રામલીલા ટ્રસ્ટ દ્વારા 70 ફૂટ ઊંચા રાવણની સાથે કુંભકર્ણ અને મેઘનાદનો 60-60 ફૂટ ઊંચું પૂતળું તૈયાર કરવામાં આવ્યું છે. ડુમસના ગળાસ ફળિયામાં આવેલૂ આશાપુરી ભક્ત મંડળ દ્વારા અંદાજે ત્રણ લાખ રૂપિયાના ખર્ચે 55 ફૂટ ઊંચું રાવણનું પૂતળું તૈયાર કરવામાં આવ્યું છે. રાવણ દહનના આયોજનને લઈને મંડળના સભ્યો દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે. આ પૂતળું મંદિરના આંગણે ઊભું કરવામાં આવ્યું છે. બીજી તરફ, વેસુ ખાતે શ્રી આદર્શ રામલીલા ટ્રસ્ટ દ્વારા આ વર્ષે 70 ફૂટ ઊંચું રાવણનું પૂતળું બનાવવામાં આવ્યું છે. સાથે કુંભકર્ણ અને મેઘનાદ ના પણ 60-60 ફૂટ ઊંચાં પૂતળાં તૈયાર કરવામાં આવ્યાં છે. આ પૂતળાંનું દહન વીઆઈપી રોડ પર આવેલા નંદની-3 એસ એમ સી બસ ડેપો ખાતે કરવામાં આવશે.

## 'અવધ યુટોપિયા'માં ગરબાના નામે બોલિવૂડનાં ગીતોનો વિરોધ

**બજરંગ** દળે ઘેરાવ કરતા આયોજકોએ ભૂલ સ્વીકારી માફી માંગી

સુરત : ડુમસ રોડ પર આવેલા જાણીતા અવધ યુટોપિયામાં નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માતાજીની આરાધનાના ગરબાના બદલે મોટા અવાજે બોલિવૂડના ગીતો અને અસભ્ય સંગીત વગાડવામાં આવી રહ્યું હતું. ક્લબ કલ્ચરના નામે હિન્દુ સંસ્કૃતિ અને આસ્થાની મજાક ઉડાવાતી હોવાના આક્ષેપ સાથે સોશિયલ મીડિયા પર વીડિયો ક્લિપ વાયરલ થઈ હતી.

આની જાણ થતાં જ બજરંગ દળના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો અવધ યુટોપિયા ખાતે ધસી ગયા હતા. સ્થાનિક સ્તરે વિરોધ પ્રદર્શિત કરી કાર્યકરોએ સાઉન્ડ સિસ્ટમ અને ડીજે તાત્કાલિક અસરથી બંધ કરાવી દીધું હતું. બજરંગ દળના કાર્યકરોએ આયોજકોને આડે હાથ લેતાં સવાલો કર્યા હતા કે, પવિત્ર નવરાત્રિનો ઉત્સવ માતાજીની ભક્તિ માટે છે કે પછી ક્લબ કલ્ચરમાં અસભ્યતા ફેલાવવા માટે? સ્થિતિ પારખી ગયેલા આયોજકોની શાન ઠેકાણે આવી ગઈ હતી. આયોજકોએ પોતાની ભૂલ સ્વીકારી લીધી હતી અને ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન નહીં થાય તેવી ખાતરી આપી હતી. તેમણે સ્પષ્ટ બાહેંધરી આપતા જણાવ્યું હતું કે, હવે પછી નવરાત્રિ દરમિયાન માત્ર પરંપરાગત ગરબા જ રમાડવામાં આવશે અને કોઈ પણ ધાર્મિક ભાવના દુભાય તેવા બોલિવૂડ કે અસભ્ય ગીતો વગાડવામાં નહીં આવે. આયોજકોના નમતુ જોખવા બાદ આખરે મામલો થાળે પડ્યો હતો.

## દશેરા માટે બનેલા ફાફડા-જલેબીના વધુ આઠ દુકાનમાંથી નમૂના લેવાયા

**જોકે**, ફાફડા-જલેબી ખવાઈ ગયા બાદ રિપોર્ટ આવશે

સુરતઃ સુરત મનપાએ હાથ ધરેલી ઝુંબેશ અંતર્ગત સોમવારે ફૂડ વિભાગે શહેરના કતારગામ, મહિધરપુરા, ઉધના, મોટા વરાછા, અડાજણ, પાર્લે પોઈન્ટ અને ભેસ્તાન સહિતના વિસ્તારોમાં આવેલી કુલ ૮ જાણીતી ફરસાણની દુકાનોમાં અચાનક સ્થળ તપાસ હાથ ધરી હતી. દરોડા દરમિયાન ટીમ દ્વારા સ્થળ પરથી જલેબી, ફાફડા તેમજ તળવા માટે વપરાતા તેલના મળી કુલ ૧૫ જેટલા નમૂના મનપાની ટીમ દ્વારા લેવામાં આવ્યા હતા. આ તમામ નમૂનાઓને પૃથ્થકરણ (એનાલિસિસ) માટે સુરત મહાનગરપાલિકાની પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવ્યા છે. જેનો રિપોર્ટ આવતાની સાથે જ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તહેવાર દરમિયાન ભેળસેળયુક્ત તા.૧૬ ઓક્ટોબરથી લઈને આજદિન સુધીમાં શહેરની કુલ ૨૭ સંસ્થામાંથી ફાફડા અને જલેબીના કુલ ૫૦ જેટલા નમૂનાઓ લેવામાં આવ્યા છે. લેબોરેટરીમાંથી આ તમામ નમૂનાઓનો પૃથ્થકરણ અહેવાલ (લેબ રિપોર્ટ) આવ્યા બાદ જો કોઈપણ વેપારીના નમૂના સબ-સ્ટાન્ડર્ડ કે અનસેફ જણાશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### કઈ કઈ દુકાનોમાંથી સેમ્પલ લેવામાં આવ્યાં?

» ગાયત્રીકૃપા ફરસાણ માર્ટ (દુકાન નં.૭, નિર્મલ એપાર્ટમેન્ટ, કતારગામ બસ સ્ટોપ સામે, કતારગામ) » જ્યોત ફરસાણ (૬/૯૭૮, મહિધરપુરા) » અમરવીર ફરસાણ માર્ટ (દુકાન નં.૯-૧૧, ગોપી કોમ્પ્લેક્સ, ઉધના ઉદ્યોગનગર રોડ નં.૬, ઉધના) » મોનપરા ફરસાણ (એ.બી.સી. સર્કલ, મોટા વરાછા) » નાગનાથ ફરસાણ (દુકાન નં.૧, સાગર, આણંદ મહેલ રોડ, અડાજણ) » સુરત ખમણ હાઉસ (૧૭/બી, દુકાન નં.૩-૪, સાગર કોમ્પ્લેક્સ, આનંદ મહેલ રોડ, અડાજણ) » રેખાબેન 'નમકિન' (દિવ્યક્રાંતિ એપાર્ટમેન્ટ, પાર્લે પોઈન્ટ)

## સ્કૂલ-કોલેજ-કેમ્પસ

### વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલમાં 'WLIS ગરબા ફ્યુઝન' યોજાયું



સુરતઃ વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલ, વેસુ, સુરત દ્વારા 'WLIS ગરબા ફ્યુઝન' નામના ભવ્ય નવરાત્રિ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં વાલીઓ, વિદ્યાર્થીઓ અને શાળા પરિવારના સભ્યોએ ભાગ લીધો હતો. 'બેસ્ટ ટ્રેડિશનલ અટાયર' અને 'બેસ્ટ મૂવ્સ'માં ભાગ લેનારાઓને બિરદાવવામાં આવ્યા હતા. સ્કૂલનાં આચાર્ય શ્રીમતી પૂર્વિકા સોલંકીએ પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "WLIS ગરબા ફ્યુઝન આપણી પરંપરાઓ, આપણાં પરિવારો અને સાથે મળીને ખુશીઓ મનાવવાની ભાવનાની ઉજવણી છે."

### વિવેકાનંદ કોલેજમાં અગ્નિહોત્રી યજ્ઞનું આયોજન



સુરતઃ જહાંગીરપુરા સ્થિત વિવેકાનંદ કોલેજમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીની સુખાકારી, શુભ સંકલ્પોની પૂર્ણતા તથા સકારાત્મક ઊર્જાના સંચારના હેતુથી અગ્નિહોત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞમાં કોલેજના જન્મદિવસ ધરાવતા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ આહુતિ આપી સૌના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે કોલેજના ટ્રસ્ટી હિતેશકુમાર દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં સદવિચાર, સંસ્કાર, શિસ્ત અને આધ્યાત્મિક મૂલ્યો કેળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### લુડર્ઝ કોન્વેન્ટ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓ ગોલ્ડ મેડલ જીતી



સુરતઃ સુરત શહેરની લુડર્ઝ કોન્વેન્ટ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ એન્જલ પટેલ અને યાશી ગજીવાલાએ રાજ્યકક્ષાની યોગાસન સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવ્યો છે. કચ્છ-ભુજ ખાતે યોજાયેલી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા (SGFI) અંતર્ગતની યોગાસન સ્પર્ધામાં બંને ખેલાડીઓએ આર્ટિસ્ટિક પેર અને રિધમિક પેર એમ બંને વિભાગમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ જીત્યા છે.

### પ્રેસિડન્સી સ્કૂલની ગૌરવપૂર્ણ સિદ્ધિ



સુરતઃ સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ,સિદસર ખાતે 70મી અખિલ ભારતીય શાળાકીય રમતગમત અંતર્ગત under-17 બોય્સ માટે ટેબલટેનિસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી કુલ 127 ટીમોએ ભાગ લીધો હતો. સુરતની પ્રેસિડન્સી સ્કૂલના ઇસ્માઈલ ડુપ્લી (ધો. 7 અંગ્રેજી માધ્યમ) એ ટીમમાં પોતાના ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા વિશેષ સફળતા હાંસલ કરી હતી. અને હવે આગળ યોજાનાર નેશનલ લેવલ કોમ્પીલેશન માટે પ્રતિનિધિત્વ પ્રાપ્ત કર્યું છે.

### ટી.એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલમાં નવદુર્ગાનાં નવ સ્વરૂપોની પ્રસ્તુતિ



સુરતઃ ટી.એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલમાં નવરાત્રિ નિમિત્તે 'નવરાત્રિ - મા દુર્ગાની દિવ્ય શક્તિ' વિષય પર વિશેષ પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ 6ના વિદ્યાર્થીઓએ મા દુર્ગાનાં નવ સ્વરૂપોની આકર્ષક પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસંગે શાળાના ડિરેક્ટર અને પ્રિન્સિપાલ કે. મેક્સવેલ મનોહરે જણાવ્યું હતું કે, સાંસ્કૃતિક કાર્યક્રમો વિદ્યાર્થીઓને ભારતીય વારસા અને પરંપરાઓ સમજવાની તક આપે છે.

### ટી. એન્ડ ટી.વી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના આચાર્ય કિરણ દોમાડિયાને શ્રેષ્ઠ આચાર્ય એવોર્ડ




સુરતઃ ટી. એન્ડ ટી.વી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના આચાર્ય પ્રો. કિરણકુમાર વી. દોમાડિયાને શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી, શૈક્ષણિક શ્રેષ્ઠતા, નેતૃત્વ અને રાષ્ટ્રનિર્માણમાં નોંધપાત્ર યોગદાન બદલ નવી દિલ્હીમાં પ્રતિષ્ઠિત નેશનલ ડિસ્ટિંગ્વિશ્ડ પ્રિન્સિપાલ એવોર્ડ-2026 એનાયત કરવામાં આવ્યો છે. પ્રો. કિરણકુમાર છેલ્લા 34 વર્ષથી નર્સિંગ શિક્ષણ, ક્લિનિકલ સેવાઓ, શૈક્ષણિક વહીવટ, સંશોધન અને નર્સિંગ વ્યવસાયના વિકાસ માટે કાર્યરત છે. વર્ષ 2001થી 2005 દરમિયાન ગુજરાત નર્સિંગ કાઉન્સિલના કારોબારી સભ્ય રહ્યા હતા. જ્યારે 2008થી 2023 સુધી સતત 15 વર્ષ ટ્રેઇન્ડ નર્સિસ એસોસિએશન ઓફ ઇન્ડિયાની ગુજરાત શાખાના સચિવ તરીકે જવાબદારી નિભાવી હતી. આ ઉપરાંત, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્ય તરીકે પણ તેમણે નર્સિંગ અભ્યાસક્રમ અને શિક્ષણની ગુણવત્તા સુધારવામાં યોગદાન આપ્યું છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
+(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

મિલ્કત વેચવાની છે

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ. MO. 9687580001

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ Mo. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામઃ કાળા વ્યારા કણજા. Mo. 9687580001

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે. ગામઃ પંડવાઈ (કોસંબા) Mo. 9687580001

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ચોખ્ખું ઘી મળશે-**
ગીર ગાયનું 9898170075, 9727293311

**જગ્યા વેચવાની છે**
રૂઘનાથપુરા વરાછા શેરીમાં કોમર્શિયલ,
રેસીડેન્સીયલ, હોસ્પીટલ ડાયમંડ ફેક્ટરી, જરીકામ પ્રોજેક્ટ કરવા લાયક, સુરત.
Call: 99740 05691 93768 26037

**ઘારી, ઘારી, ઘારી**
પ્રખ્યાત કેસર બદામ પીસ્તા ઘારી અન્નક્ષેત્રના લાભાર્થે ભાવ રૂ. ૮૨૦ પ્રતિ કિ.ગ્રા અગાઉથી બુકિંગ કરાવો Mo. 9773166510 (372)

**જુનો સામાન લેવામાં**
આવશે. AC, ફ્રીજ, વોશિંગ મશીન, ગ્રીલ, લોખંડ, ઘરઘંટી, સાયકલ તથા જુના 2 વ્હીલર લેવામાં આવશે. સંપર્ક કરો. Mo. 9316100413

**જગ્યા ભાડે આપવાની છે**
નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 Sqft., પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય.
સંપર્ક : 9898041152 8866360199

**જુના AC લેવામાં**
આવશે. ચાલુ કે બંધ હાલતમાં, જુના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. Mo. 9316100413

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રીનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**પુરૂષાર્થ**
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, અને 24/ 11 (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુકિતનાથ. તારીખ- 24/ 12, દિવસ-12, (3) ભુતાન જાન્યુઆરીમાં. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળોઃ દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**माँ चामुडा ज्योतीष**
पता - चोकसी वाडी, अडाजन, सुरत
हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करण। (स्पेश्यालिस्ट)
Mo. 7862990838

**કશ્મી ટુરીઝમ**
ભાઈબીજે વૈષ્ણોદેવી કાશ્મીર, અમૃતસર પુષ્કર (દિવસ 12) 6352474903

**મહાદેવ ટુર**
એન્ડ ટ્રાવેલ્સ. દિવાળીમાં (ઉજ્જૈન), (દ્વારકા), (ભીમાશંકર), (અષ્ટવિનાયક), (શિરડી), (સફેદ રણ) 7802062340 (373)

**ઓમશિવ ટ્રાવેલ્સ**
23- ઓક્ટોબર, ખાટુશ્યામ, સાલાસર બાલાજી, સાવરીયાશેઠ, ઉદયપુર, જયપુર, શ્રીનાથજી, માઉન્ટઆબુ. દિવાળી પ્રવાસો (સફેદરણ, કચ્છ, માંડવી, માતાનોમઢ, નારાયણ સરોવર, કોટેશ્વર) (ઉદેપુર, જયપુર, ચિત્તૌડગઢ, ખાટુશ્યામ, માઉન્ટઆબુ) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

મિલ્કત ભાડેથી

**સલુન માટે જગ્યા**
ભાડે આપવાની છે. 700 સ્કવેર ફીટ, લેડીઝ/ જેન્ટ્સ જેન્ટસ માટે, પ્રથમ માળ ઉપર, ફુલ ફર્નિચર સાથે, એટેચ ટોઈલેટ બાથરૂમ સાથે ભાડે અથવા વેચવાની છે 9426152570 (371)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.